**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૭૨ ટકા

# વિશ્વ ડાયાબિટીસ ડે નિમિત્તે અવેરનેસ કેમ્પ યોજાયો




ગાંધીનગર, તા.૧૪

વિશ્વ ડાયાબિટીસ ડે નિમિત્તે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા કૈલાશદીદીની અધ્યક્ષતામાં 'પીસપાર્ક' સે-૨૮ ખાતે ડાયાબીટીસ અવેરનસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં શહેરના અગ્રણી ડૉ. હસમુખ નાયક તથા એમ.ડી.આયુર્વેદ ડૉ. અનુરાધા શેખાવત દ્વારા ડાયાબીટીસ તેનાથી થતા નુકશાન, કારણો, પ્રકાર, સારવાર અને અવેરનેસ વિષે વિગતવાર સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં કૈલાશદીદી દ્વારા સૌને નિરોગી રહેવાના આશીર્વાદ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ બાદ સિવિલ હોસ્પિટલ ગાંધીનગરની ટીમ દ્વારા ઉપસ્થિત સૌના બીપી અને ડાયાબિટીસ ટેસ્ટ વિના મૂલ્યે કરવામાં આવ્યા હતા.



## સે-૧૪ની ચારે બાજુ કંમ્પાઉન્ડ વોલ ઉભી કરાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં મહાત્મા ગાંધી મંદિર પાસે આવેલા સેકટર-૧૪ ની પાસે જ રેલ્વે સ્ટેશન હોવાથી સેકટરનો કેટલોક ભાગ ખુલ્લો રહ્યો છે. જયારે કેટલાક ભાગ રેલ્વેનો હોવાથી તે સ્થળ પર કંમ્પાઉન્ડ વોલ ઉભી કરાઈ છે. સેકટરમાં ખુલ્લી જગ્યા હોવાથી રખડતા ઢોર સેકટરમાં ઘુસી આવે છે તો બીજીતરફ ચોરીનો ભય પણ નાગરીકોને સતાવે છે. જેથી વોલ બનાવવાની સ્થાનિક નાગરીકોની વાતને ધ્યાને રાખી સેકટરના વસાહત મંડળના પ્રમુખે અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરી હતી. ત્યારે સેકટર-૧૪ ની ચોતરફ કંમ્પાઉન્ડ વોલ ઉભી કરવાના કાર્યને મનપાના ડે. મેયર નાજાભાઈ ઘાંઘરે મ્હોર મારતા વસાહતીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગરમાં મહાત્મા મંદિર પાસે આવેલા સેકટર-૧૪ ની બાજુમાં રેલ્વે પસાર થતી હોય ત્યાં ખુલ્લું હોવાને કારણે ચોરીનો ભય રહે છે. જયારે રખડતા ઢોર પણ દિવાલ ન હોવાથી સેકટરમાં ઘુસી આવે છે. જયારે મહાત્મા મંદિર ખાતે આંતર રાષ્ટ્રીય સેમીનાર હોય તે સમયે સેકટરોમાં ગાડીઓના ખડકલા જોવા મળે છે. મહાત્મા મંદિર, સોલ્ટ માઉન્ટ, બીલીપત્ર હોટલ, તેમજ રેલ્વે સ્ટેશનનો પ્રવેશદ્વાર આવે છે. જેને પગલે સ્થાનિક નાગરીકોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. સ્થાનિક તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા કોઈ ઉકેલ આવતો ન હતો. ત્યારે મનપાના ડે.મેયર નાજાભાઈએ સે-૧૪ ફરતે દિવાલની વાતને મંજુરીની મ્હોર મારતા સે-૧૪ વસાહત મંડળ પ્રમુખ નરેન્દ્રભાઈ વાઘેલા, ગુલાબચંદ પટેલ, મંત્રી બી.એલ.પરમાર, વસંતભાઈ રાઠોડ અને સ્થાનિક નાગરીકોએ આભાર વ્યકત કર્યો છે.



સેકટર-૬માં ધારાસભ્યોના પ્લોટની બાજુમાં ઝાડીઓમાં પાણીનો વાલ્વ લીકેજ થયો છે. જેના કારણે હજારો લીટર અમૂલ્ય પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. ખૂબ જ જલ્દીથી આ વાલ્વ રીપેર થાય તેવી માંગણી થઈ રહી છે.

## સે-૮ના નાગરિકે પોતાને મળેલું ઈન્ટરનેશનલ ડેબિટ કાર્ડ ખાતાધારકને શોધી પરત કર્યું....!!

**બનાસકાંઠાથી ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં અભ્યાસ અર્થે આવેલા વિદ્યાર્થીનું કાર્ડ સે-૮ના આશિષ બ્રહ્મભટ્ટને મળતાં બેંક મેનેજરની સહાયથી તેને શોધી પરત કર્યું**

ગાંધીનગર, તા.૧૪

'આપનું એટીએમ કાર્ડ કે ડેબિટ કાર્ડ કોઈ માંગે તો આપવું નહીં', 'ડેબિટ કાર્ડનો પીન નંબર કોઈને પણ કહેવો નહીં'. આ પ્રકારની સૂચનાઓ આપ વારંવાર સાંભળતા હશો. કેમ કે આજકાલ ઓનલાઈન બેંકિંગ અને મોબાઈલ બેંકિંગનો યુગ છે અને તેમાં સાઈબર ક્રાઈમની ઘટનાઓ વધી જવા પામી છે. જેમાં બેંકના ખાતાધારક પસેથી ડેબિટકાર્ડનો સીવીવી નંબર મેળવી તથા યેનકેન પ્રકારે ઓટીપી મેળવી બેંક ખાતામાંથી ઓનલાઈન ઉચાપતના કિસ્સા વધતા જાય છે. આ સમયમાં જો તમારું ડેબિટ-કમ-એટીએમ કાર્ડ ખોવાઈ જાય ત્યારે તમારો જીવ તાળવે ચોંટી ગયા વગર ના રહે. શહેરમાં અભ્યાસ અર્થે આવેલા બનાસકાંઠાના એક યુવા વિદ્યાર્થીનું ગઈકાલે ખોવાયેલું ઈન્ટરનેશનલ ડેબિટ કાર્ડ શહેરના એક જાગૃત રહીશને મળતા તેણે ખાતાધારકને શોધી તેની ખાત્રી કરી પરત કરી પ્રમાણિકતા સાથે જવાબદારી ભર્યા વલણનું પ્રેરક ઉદાહરણ પુરું પાડયું છે.

ગાંધીનગરના સેકટર-૮માં રહેતા આશિષ બ્રહ્મભટ્ટ નામના એક વ્યકિતને બુધવારે



રાત્રે આશરે ૮ વાગ્યાના સુમારે તેઓ જયારે સે-૮ના શોપીંગ સેન્ટર સામે આવેલા એસબીઆઈના એટીએમ પર પોતાના કામથી ગયા ત્યારે તેમને ત્યાં પડેલું બેંક ઓફ બરોડાનું ઈન્ટરનેશનલ ડેબિટ કાર્ડ મળી આવ્યું હતું. આ અંગે તેમણે આસપાસમાં તપાસ કરી પરંતુ કોઈ વ્યકિત ના મળતા અને ધીમે ધીમે શિયાળાની રાત્રીનો સમય હોવાથી સુનકાર છવાતા તેમણે આ કાર્ડ પોતાની પાસે રાખી લીધું હતું. આજે તેમણે સેકટર-૧૧માં બેંક ઓફ બરોડાની શાખામાં જઈને શાખા પ્રબંધક સાથે વાત કરી તમામ હકીકત જણાવી હતી. આથી તે કાર્ડ નંબરને આધારે શાખા પ્રબંધકે ખાતા ધારકનું નામ અને સંપર્ક નંબર આપ્યા હતા જે મુજબ ખાતાધારકનું નામ પ્રિયંક રમેશચંદ્ર તન્ના હતું. આશિષ બ્રહ્મભટ્ટે તેનો સંપર્ક કર્યો હતો અને આધારકાર્ડ સહિતના પુરાવાને ચેક કરી બેંક કાર્ડ સાથે નામ સરખાવી પુરતી ખરાઈ કર્યા બાદ તેનું કાર્ડ પરત કર્યું હતું. ખાતા ધારક પ્રિયંક તન્ના વાથે વાત કરતા માલુમ પડયું હતું કે તે બનાસકાંઠાથી ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે અભ્યાસ અર્થે ગાંધીનગર આવ્યો છે અને સેકટર-૮માં જ ભાડાના મકાનમાં રહે છે અને ગઈકાલે એટીએમમાં પોતાના કામથી ગયો ત્યારે પરત ફરતા તેનું કાર્ડ પડી ગયું હતું તેની તેને ખબર નહોતી પડી. પ્રિયંકને પોતાનું ઈન્ટરનેશનલ ડેબિટ કાર્ડ સહી સલામત પરત મળતાં તેણે આશિષ બ્રહ્મભટ્ટનો આભાર માન્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આશિષ બ્રહ્મભટ્ટ ખાનગી ન્યુઝ ચેનલ કંપની માટે માર્કેટીંગનું કાર્ય સંભાળે છે અને તેમની આ જવાબદારીભરી પ્રમાણિકતાની પ્રિયંક તન્ના ઉપરાંત બેંક મેનેજર સહિત મિત્રવર્તુળે પણ ભારે પ્રસંશા કરી હતી.

## લીલા શાકભાજી કરતા લાલ સફરજન સસ્તા

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં હાલ કમોસમી વરસાદની આડ અસર વર્તાવવાની શરૂ થઈ ગઈ છે. ગુજરાતના સ્થાનિક શાકભાજી પાકને વરસાદને કારણે નુકશાન થયું હોવાથી શાકભાજીની આવક ઘટી જતા શહેરમાં શાકભાજીના ભાવ બમણા થઈ ગયા છે અને તેની સામે ફ્રુટના ભાવ શાકભાજી કરતા ઓછા છે. સફરજનનો ભાવ ૬૦ થી ૭૦ રૂપિયે કિલો છે જયારે લીલા શાકભાજી ૮૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે.

શિયાળો આવતા જ લીલા શાકભાજીની માંગ શહેરમાં વધી છે પરંતુ શહેરીજનો લીલા શાકભાજી ખરીદતા મુંઝવણ અનુભવી રહ્યા છે અને સામે વધુ પ્રમાણણાં ફ્રુટ ખરીદી રહ્યા છે. લાલ સફરજનનો ભાવ ૬૦ થી ૭૦ રૂપિયે કિલો છે ત્યારે લીલા શાકભાજીનો ભાવ ૮૦ રૂપિયે કિલોથી કયાંય ઓછો નથી. આ હાલતમાં ગ્રાહક



શાકભાજી કરતાં સફરજન કે ફ્રુટ ખરીદવાનું વધારે પસંદ કરી રહ્યા છે.

બીજી બાજુ ડુંગળી ફરી ગૃહિણીઓને રડાવી રહી હોય તેમ લાગી રહ્યું છે. ડુંગળીના ભાવમાં વધારો હજી અકબંધ છે. કાં તો પરિવાર માટે મોંઘામાં મોંઘુ શાક ખરીદવું પણ કિલોની જગ્યાએ અડધો કિલો ખરીદી ગૃહિણીઓ ચલાવી રહી છે અથવા તો બાળકનો બે સફરજન વધુ ખાઈ લે, શાક કરતાં કઠોળ સારા એમ કહી કઠોળ ખવડાવી મનાવી રહી છે.

શાકભાજીમાં ટામેટાનો ભાવ પણ ૫૦ રૂપિયે કિલોએ પહોંચ્યો છે હવે શિયાળામાં રીંગણનો ઓળો તો હાલ બનવાથી રહ્યો. ઓછામાં પુરું લસણનો ભાવ કિલોએ ૨૦૦ રૂપિયાથી વધુ છે જેને પગલે શહેરના અમુક ઘરમાં લસણ વગર કામ ચલાવાઈ રહ્યું છે.

આમ, તો શિયાળામાં લીલા શાકભાજી ખાવાની મજા જ કાંઈક અલગ હોય છે જે શરીરને પણ નિરોગી રાખે છે પરંતુ કમોસમી વરસાદના લીધે પાક બગડતા હાલ પૂરતું મધ્યમવર્ગીય નાગરિકોનો લીલા શાકભાજી ખરીદવા મોંઘા પડી રહ્યા છે.

અમુક શહેરીજનોનું તો કહેવું છે કે આમ તો ફળોના ભાવ વધુ હોય તે શાકભાજીના ઓછા પરંતુ જે શાકભાજીના ભાવની સામે ફળો ઓછા ભાવમાં મળતાં હોય તો બેય ટાઈમ ફળો ખાઈ લેવા સારાં.

## ગાંધીનગર સિવિલમાં મેડીસીન વોર્ડ ઉભો કરાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવો મેડીસીન વોર્ડ ઉભો કરવાની વિચારણા ચાલી રહી છે. આઠમા માળે આવેલ મેડીસીન વોર્ડ દર્દીઓથી ઉભરાય છે, તે સમયે નવા દર્દીઓને બીજા અન્ય ખાલી વોર્ડમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. ત્યારે નવો વોર્ડ ઉભો કરવા માટે જગ્યા પણ શોધી કાઢી છે અને સામાનની પણ હેરફેર થાય છે. જેથી તંત્ર દ્વારા ટુંક સમયમાં મેડીસીનના દર્દીઓ માટે નવીન વોર્ડ કાર્યરત કરી દેવાશે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં હાલ વાઈરલ બિમારી સહિત પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચકયું છે. ડેન્ગ્યુ અને વાઈરલ બિમારીને પગલે નગરમાં ઠેરઠેર માંદગીના ખાટલા જોવા મળે છે. શહેરની ખાનગી હોસ્પિટલ અને દવાખાના મોડીરાત સુધી ધમધમતા હોય છે. શહેરની સિવિલમાં પણ ઓપીડીમાં દર્દીઓની લાંબી લાઈનો દેખાતી હોય છે. સામાન્ય દિવસો કરતા દર્દીઓની સંખ્યામાં મોટાપ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. સિવિલમાં ડેન્ગ્યુ અને વાઈરલ બિમારીના દર્દીઓને એડમીટ કરવામાં આવતા ૬૦૦ બેડની હોસ્પિટલમાં ૮૦૦ થી વધુ દર્દીઓ પણ સારવાર લઈ ચુક્યા છે. હાલની સ્થિતિએ પણ બેડ કરતા દર્દીઓ વધુ હોય તો નવાઈ નહી. મેડીસીન વોર્ડમાં દર્દીઓ વધી જતા બેડ ખુટી પડે છે. જેને પગલે દર્દીઓને ખાલી વોર્ડમાં શીફટ કરવામાં આવે છે. તેમ છતા બેડ ખુટી પડતા તંત્ર દ્વારા નવીન ડિઝાસ્ટર વોર્ડ તૈયાર કરાયા હતા તેમા દર્દીને રાખીને સારવાર આપવામાં આવતી હતી. ત્યારે હવે સિવિલ તંત્ર દ્વારા નવો મેડીસીન વોર્ડ ઉભો કરવા માટે કવાયત હાથ ધરાઈ છે.

## ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા ઉદ્‌ગમ સંગીત બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભારતીય શાસ્ત્રીય સંગીતને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી દેવદિવાળીના દિવસે ઉદ્‌ગમ સંગીત બેઠકનો પ્રારંભ ઉદ્‌ગમ ટ્રસ્ટ ખાતે કરવામાં આવ્યો હતો તથા ટ્રસ્ટ દ્વારા મુકિતધામ પાસે આવેલ શ્રમજીવી વસાહત હીરાબાનગર ખાતે મીઠાઈ વહેંચવામાં આવી હતી. આ ઉપરાંત શહેરના ગાયક પિનાકીનભાઈ વ્યાસ દ્વારા શાસ્ત્રીય સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

શહેરના ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભારતીય શાસ્ત્રીય સંગીતને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી ઉદ્‌ગમ સંગીત બેઠક યોજાઈ હતી તથા ટ્રસ્ટ દ્વારા મુકિતધામ પાસે આવેલ શ્રમજીવી વસાહત હીરાબાનગર ખાતે




મીઠાઈ વહેંચવામાં આવી હતી તથા રાત્રે ઉદ્‌ગમ ટ્રસ્ટની ઓફિસ ખાતે ઉદ્‌ગમ સંગીત બેઠકમાં પ્રથમ કેરાલાના શિબિન રાજ કે અને ગાંધીનગરના પ્રખ્યાત ગાયક પિનાકીનભાઈ વ્યાસ દ્વારા શાસ્ત્રીય સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉદ્‌ગમના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સમાપનમાં રાગ ભૈરવીમાં તીનતાલમાં એક ઉત્સાદી બંદિશ 'પૈયાં પરત હું તો બિનતી કરત હારી રે' રજુ કરવામાં આવી હતી. હાર્મોનિયમ પર સંગત ચિલ્ડ્રન યુનિવર્સિટીના સંગીત શિક્ષક હાર્દિકભાઈ ભટ્ટ અને તબલા સંગત પિનાકીનભાઈ વ્યાસના સુપત્ર દિપ વ્યાસ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં આશાબેન અને જયરાજસિંહ સરવૈયા, સંજય પ્રજાપતિ, અંજલિ ચૌહાણ, દશરથ, હિરલ, ફાલ્ગુની અને પાર્થે ખુબ જહેમત ઉઠાવી હતી.

## સરઢવમાં ફટાકડા ફોડવાની બાબતે બે પાડોશી વચ્ચે મારામારી

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગર નજીક આવેલા સરઢવ ગામે સામાન્ય તકરારમાં પાડોશીઓએ અસ્થિર મગજની યુવતિને માર મારતા સમગ્ર ગામમાં હોહા મચી ગઈ હતી. ફટાકડા ફોડવાની સામાન્ય બાબતે માતા સાથે તકરાર થયા બાદ મારવા દોડેલી પાડોશી મહિલાઓએ ફરિયાદીની યુવતિ હાથમાં આવી જતા તેના માર માર્યો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સરઢવ જનતાનગર શાળાની પાસે રહેતા નંદુબેન પરસોતમ પરમાર મંગળવારના રોજ રાત્રે બાજુમાં રહેતા છોકરાઓ ફટાકડા ફોડતા હતા. જેથી પગલે ફરીયાદીનું નાની દિકરીનું ૨૫ દિવસીય બાળક ચોંકી જતુ હતું. જેથી તેઓએ બાળકોને થોડા દુર જઈને ફટાકડા ફોડવા માટે કહ્યું હતું. જેથી પાડોશમાં રહેતા ધર્મિષ્ઠાબેન લેઉવા, સુશીબેન અને ચિરાગભાઈ ગાળાગાળી કરવા લાગ્યા હતા. તે સમયે અચાનક ધર્મિષ્ઠાબેન લાકડી લઈને મારવા દોડી આવતા ફરીયાદી દોડીને ઘરમાં જતા રહ્યા હતા. પરંતુ આ સમયે તેમની માનસિક વિકલાંગ દિકરી બહાર ઉભી હતી ત્યારે આ દિકરીને ધર્મિષ્ઠા બેને લાકડીઓ વડે માર માર્યો હતો. જેથી ફરિયાદી અને તેમના પતિએ દોડી જઈને દિકરીને વધુ મારમાંથી બચાવી હતી. ત્યારબાદ તેણીને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.બનાવ અંગે નંદુબેન પરમારે ત્રણેય સામે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**હાઉસફુલ-૪**
૧.૧૦, ૭.૦૦
**બાલા**
૮.૫૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧.૩૦, ૨.૩૦, ૪.૨૦, ૫.૨૦, ૮.૧૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**સાંઢ કી આંખ** - ૪.૩૦
**સેટલાઈટ શંકર**
૧.૪૦, ૭.૪૦
**બાયપાસ રોડ**
૧૦.૪૫, ૧૦.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૧૦.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૧૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**બાલા**
૯.૦૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૧.૦૦, ૨.૨૫, ૩.૫૦, ૫.૧૦, ૬.૪૦, ૭.૫૫, ૯.૩૦, ૧૦.૪૦
**સેટલાઈટ શંકર**
૩.૧૫, ૧૦.૪૫
**બાયપાસ રોડ**
૧૨.૨૦, ૬.૦૫
**વોર** - ૧૧.૫૫
**હાઉસફૂલ-૪**
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૯.૦૦, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૩૦, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**બાલા**
૯.૦૦, ૧૧.૩૫, ૨.૨૫, ૪.૩૦, ૫.૧૫, ૮.૦૫, ૧૦.૧૫, ૧૦.૫૫
**સેટલાઈટ શંકર**
૧૨.૪૫, ૫.૦૦
**બાયપાસ રોડ**
૯.૫૦, ૧.૪૦, ૭.૨૦
**મેડ ઈન ચાઈના** - ૧૧.૦૦
**સાંડ કી આંખ** - ૩.૩૫
**હાઉસફૂલ-૪**
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૫, ૧૧.૫૦, ૨.૨૫, ૭.૫૦, ૧૦.૩૦

## ચિરવિદાય

- સ્વ. રાઠોડ જીજીબા દશરથજી, ઉ.વ. ૬૮
- સ્વ. નાયી છનાલાલ ગરબડદાસ, ઉ.વ. ૮૩
- સ્વ. ભરવાડ વિઠ્ઠલભાઈ હિરાભાઈ, ઉ.વ. ૬૦
- સ્વ. શ્રીમતી પનીબેન મતીલાલ, ઉ.વ. ૯૨
- સ્વ. ઠાકોર બેચરજી મથુરજી, ઉ.વ. ૫૧
- સ્વ. પટેલ કરશનભાઈ ખોડીદાસ, ઉ.વ. ૭૩

## ગુજરાત સચિવાલય સેકશન અધિકારી એસોસિએશનના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર ખાતેની ધી ગુજરાત સચિવાલય સેકશન અધિકારી એસોસિએશનના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે જે અંતર્ગત ભવાનસિંહ પરમારની એસોસિએશનના પ્રમુખપદે વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત મહમંત્રી પદે અભેસંગભાઈ ચૌહાણ, ઉપપ્રમુખપદે જયદેવસિંહ વાઘેલા અને અરવિંદસિંહ વાઘેલા, સહમંત્રી પદે દિપક પટેલ અને ડૉ. વિશ્વાસ દેસાઈ, સંગઠન મંત્રી પદે અશ્વિનકુમાર વ્યાસ, એન. વિશાલ કુમાર, ખજાનચીપદે તરંગ અંધારીયા, આંતરિક ઓડિટર પદે હર્ષદસિંહ વાઘેલા, વન સંપર્ક મંત્રી પદે ધ્રુવ પટેલ અને મહિલા પ્રતિનિધિ પદે વિભૂતિ પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

**રક્તદાન મહાદાન**